ઇન્ટેરીંગ પ્રક્રિયામાં ટેન્ડર ફી તથા
બાનાની રકમ સ્વીકારવાની
પધ્ધતિમાં ફેરફાર કરવા બાબત.

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

જલસેવા ભવન, સેકટર-૧૦-એ ગાંધીનગર.

પત્ર ક્રમાંક : કોમ્પ્યુટર/ઇ-ટેન્ડર/જીઆર/૧૭/૨૦૦૬/૨૫૩
તા. ૧૫/૧૨/૦૮

સંદર્ભ :- વડી કચેરીનો પરિપત્ર નં. ઇ-ટેન્ડર/જીઆર/૧૭/૨૦૦૬/૧૬૬ તા. ૧૭-૭-૨૦૦૮

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં હાલમાં રૂપિયા ૧૦.૦૦ લાખથી વધુ રકમનાં ટેન્ડરો ઇ-ટેન્ડર પધ્ધતિથી ઓનલાઇન મેળવવામાં આવે છે. જે અન્વયેની ટેન્ડર ફી તથા બાનાની રકમ ટેન્ડર માંગનાર કચેરીનાં જિલ્લા વિતરણ અધિકારીનાં બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવાની પધ્ધતિ સંદર્ભ હેઠળનાં પરિપત્રથી અમલમાં મુકવામાં આવેલ. આ પધ્ધતિમાં રહેલ મુશ્કેલીઓ બાબતે થયેલ રજુઆતોને ધ્યાને લઇ નીચે મુજબ ફેરફાર કરવા નિર્ણય લેવામાં આવે છે. આ શરતનો સમાવેશ દરેક ટેન્ડર નોટીસ તથા ટેન્ડરનાં મુસદ્દામાં કરવાનો રહેશે.

" Demand Draft for E.M.D. & Tender fee Shall be submitted in electonic format only through online (by scanning) while uploading the bid. This submission shall mean that E.M.D. & tender fee are received for purpose of opening the bid. Accordingly offer of those shall be opened whose E.M.D. & tender Fee is received electronically. However for the purpose of realization of D.D. bidder shall send the D.D. in original through R.P.A.D. so as to reach to concerned office as mentioned in the tender documents within 7 days from the last date of uploading. For not submitting D.D. in original bidder shall be banned to participate in any tender of the Board for period of 3 years as a penaltive action.

Any document in supporting of tender bid shall be submitted in electronic format only through online (by scanning etc) & hard copy will not be accepted separately "

" ટેન્ડર માટે બાનાની રકમ (ઇ.એમ.ડી.) તથા ટેન્ડર ફી નાં ડીમાન્ડ ડ્રાફટ ઓન લાઇન સ્કેન કરી ઇલેકટ્રોનીક ફોર્મેટમાં અપલોડ કરવાનો રહેશે. આ પ્રકારે રજુ થયેલ વિગતે બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ ગણવાની રહેશે. તેમજ ઇલેકટ્રોનીક ફોર્મેટમાં બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ હોય તેની જ ઓફર ખોલવામાં આવશે. ખરેખર ચૂકવણાં માટે ટેન્ડર ભરનારે ડીમાન્ડ ડ્રાફટ અસલમાં રજિસ્ટર પોસ્ટ એડીથી

ટેન્ડર દસ્તાવેજમાં નિર્દિષ્ટ કરેલ કચેરીને અપલોડીંગની છેલ્લી તારીખથી દિન ૭માં મળે તે રીતે રજુ કરવાનો રહેશે. સમયસર અસલમાં ડીમાન્ડ નહી મોકલનાર સામે શિક્ષાત્મક પગલાં તરીકે બોર્ડનાં કોઇપણ ટેન્ડરમાં ત્રણ વર્ષ માટે ભાગ લેવા દેવામાં આવશે નહી.

ટેન્ડર બીડ માટે જરૂરી આધાર માટેનાં કોઇપણ ડોકયુમેન્ટ ઓન લાઇન ઇલેકટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાનાં રહેશે. હાર્ડ કોપી અલાયદી રીતે સ્વીકારવામાં આવશે નહી. "

અસલમાં ડીમાન્ડ ડ્રાફટ સમયસર રજુ ન થવાનાં કિસ્સામાં જે તે એજન્સી સામે શિક્ષાત્મક કાર્યવાહીનાં હુકમો ઝોનલ મુખ્ય ઇજનેરશ્રી દ્વારા તુર્ત જ કરી તેની જાણ બોર્ડ હસ્તકની તમામ ક્ષેત્રિય કચેરીઓને કરી દેવાની રહેશે. આ બાબતેની સંપૂર્ણ જવાબદારી જે તે ઝોનલ મુખ્ય ઇજનેરની રહેશે.

(બી.કે.શીંગાલા)
સભ્ય સચિવ

<u>નકલ રવાના</u>

- મુખ્ય ઇજનેરશ્રી (સર્વે)
- અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)